# નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓની પરીક્ષા ચિંતાતુરતાનો અભ્યાસ

ડૉ. રાજેશ આઇ. ભટ્ટ
ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન , સરદાર પટેલ યુનિવર્સિટી , વલ્લભ વિદ્યાનગર , આણંદ

## સારાંશ

વિદ્યાર્થીઓ માટે પરીક્ષાની મોસમ એટલે તાણની મોસમ, આ દિવસોમાં માનસિક ઉકળાટ, ઉત્પાત, દ્વેષ અને સતત તાનમાં વિદ્યાર્થી રહે છે. વિદ્યાર્થીઓ પોતે સતત ટેન્શનમાં રહે છે અને સંતાનોનું ટેન્શન જોઇને મા-બાપ પણ ચિંતથી અડધા થઇ જાય છે. આ એવા પ્રકારનો તણાવ છે જે વિદ્યાર્થીને વાંચનમાં ખલેલ યા અવરોધ પેદા કરે છે અને એકાગ્રતામાં વિક્ષેપ પેદા કરે છે. જેથી વિદ્યાર્થી વધારે તણાવગ્રસ્ત બને છે. પરીક્ષાનું પેપર લખતી વખતે જે તણાવ ઉત્પન્ન થાય તે પરફોર્મન્સ એન્ક્ઝાઈટીસ કહેવામાં આવે છે. વિદ્યાર્થી પોતે બરાબર લખી શકશે નહિ, તેની ચિંતામાં એટલો બધો નર્વશ થઇ જાય છે કે ધ્રુજારી, પરસેવો, ગભરાટ, નાડીના ધબકારા વધવા અને બેચેનીનો ભોગ બને છે અને કંઇ લખી શકતો નથી. પછી કદાચ પેપર લખ્યા પછી પરીક્ષા ખંડની બહાર નીકળે ત્યારે તણાવમુક્ત વાતાવરણમાં તેને બધું જ આપોઆપ યાદ આવી જતું હોય છે. વિદ્યાર્થીઓમાં આવી ચિંતાનું પ્રમાણ તેમનામાં કેટલું છે તે જાણી ચિંતા ઓછી કરવાના ઘટાડવાના ઉપાયો તેમજ સૂચનો આપી શકાય તે વિચારથી પ્રેરાઇને ધોરણ ૧૨માં સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના પરીક્ષા ચિંતાતુરતા કેટલી છે તે જાણવા અભ્યાસકે અભ્યાસ કરેલ છે. જેના હેતુઓ નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની પરીક્ષા ચિંતાતુરતાનો અભ્યાસ કરવો, નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની પરીક્ષા ચિંતાતુરતાનો જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો, નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની પરીક્ષા ચિંતાતુરતાનો વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો જેવા હતા.આ અભ્યાસ માટે સંશોધનનો વિષય અને હેતુઓના આધારે વર્ણનાત્મક સંશોધન પદ્ધતિમાં સમાવિષ્ટ સર્વેક્ષણાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરેલ છે. જેના તારણો નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના છોકરાઓ અને છોકરીઓના પરીક્ષા ચિંતાતુરતા કસોટીના સરાસરી પ્રાપ્તાંકો સમાન જોવા મળે છે, નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના ગ્રામ અને શહેરી વિદ્યાર્થીઓના પરીક્ષા ચિંતાતુરતા કસોટીના સરાસરી પ્રાપ્તાંકો સમાન જોવા મળે છે.

## પ્રસ્તાવના

ચિંતાનો સંબંધ ભવિષ્ય સાથે છે, પરંતુ વર્તમાન જીવન પર ચિંતાની ભારે અસર પડે છે. ચિંતાએ આજના યુગની વર્તમાન જીવનની સર્વોપરી ઘટના છે. ચિંતાએ વ્યક્તિગત અનુભવ છે અને આ અનુભવ વ્યક્તિને ક્યારેક ને ક્યારેક થતો હોય છે, કારણકે આજે જીવનમાં ધોરણો બદલાઇ ગયા છે અને આજનું બાળક પણ ચિંતાથી મુક્ત નથી. માનસિક રોગોના મૂળમાં કોઇના કોઇ સ્વરૂપે ચિંતાનો પ્રવેશ રહેલો છે. મનોવૈજ્ઞાનિક રીતે જોતા વિદ્યાર્થીઓના કારકિર્દી વિકાસ અને વ્યવસાયિક વિકાસ માટે શિક્ષણ મહત્ત્વનું અસરકારક પરીબળ છે. ચિંતા કેટલી અસર કરે છે તેનો ખ્યાલ મેળવવા માટે ચિંતાનું પ્રમાણ જાણવું જરૂરી છે. વિકૃત ચિંતાને જાતિયતા સાથે ગાઢ સંબંધ છે. જાતીય ઇચ્છા ઉદ્ભવે પણ તેને સંતોષવાનો કોઇ વાસ્તવિક માર્ગ ન હોય ત્યારે જાતીય ઇચ્છા પોતે જ વ્યક્તિમાં વિકૃત ચિંતાનું સ્વરૂપ ધારણ કરે છે.

વિદ્યાર્થીઓ માટે પરીક્ષાની મોસમ એટલે તાણની મોસમ, આ દિવસોમાં માનસિક ઉકળાટ, ઉત્પાત, દ્વેષ અને સતત તાનમાં વિદ્યાર્થી રહે છે. વિદ્યાર્થીઓ પોતે સતત ટેન્શનમાં રહે છે અને સંતાનોનું ટેન્શન જોઇને મા-બાપ પણ ચિંતથી અડધા થઇ જાય છે. વિદ્યાર્થીઓનું મન તણાવગ્રસ્ત થઇને વિચાર્યા કરે કે હવે શું થશે? બાપ રે મને ન આવડ્યું તો શું થશે? આવા પ્રકારની ચિંતા ક્યારેક અઠવાડિયા તો ક્યારેક મહિના પહેલા શરૂ થઇ શકે છે. આ એવા પ્રકારનો તણાવ છે જે વિદ્યાર્થીને વાંચનમાં ખલેલ યા અવરોધ પેદા કરે છે અને એકાગ્રતામાં વિક્ષેપ પેદા કરે છે. જેથી વિદ્યાર્થી વધારે તણાવગ્રસ્ત બને છે. પરીક્ષાનું પેપર લખતી વખતે જે તણાવ ઉત્પન્ન થાય તે પરફોર્મન્સ એન્ક્ઝાઈટીસ કહેવામાં આવે છે. વિદ્યાર્થી પોતે બરાબર લખી શકશે નહિ, તેની ચિંતામાં એટલો બધો નર્વશ થઇ જાય છે કે ધ્રુજારી, પરસેવો, ગભરાટ, નાડીના ધબકારા વધવા અને બેચેનીનો ભોગ બને છે અને કંઇ લખી

શકતો નથી. પછી કદાચ પેપર લખ્યા પછી પરીક્ષા ખંડની બહાર નીકળે ત્યારે તણાવમુક્ત વાતાવરણમાં તેને બધું જ આપોઆપ યાદ આવી જતું હોય છે. વિદ્યાર્થીઓને પરીક્ષા માટેની ચિંતા અત્યંત અસ્પષ્ટ અને મુક્ત રીતે કરાતી હોય છે. તેને સરળતાથી જાણી શકાતી નથી. તેવી જ રીતે તેને દૂર પણ કરી શકાતી નથી. વ્યક્તિ પોતે તેનાથી અજાણ હોય છે.

**આંબેડકર, મુકેશ એન., (૧૯૯૫),** એ અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શિક્ષિકા બહેનોનો કેટલાક ચલોના સંદર્ભમાં હતાશાનો અભ્યાસ કરેલ, જેના હેતુઓ અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં કામ કરતી શિક્ષિકા બહેનોમાં વ્યાપેલી હતાશાનો અભ્યાસ કરવો, અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળઓમાં કામ કરતી ગ્રામ અને શહેરી વિસ્તારની શિક્ષિકા બહેનોમાં વ્યાપેલી હતાશાનો અભ્યાસ કરવો, અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં કામ કરતા તાલીમ લીધેલ અને બિનતાલીમી શિક્ષિકા બહેનોમાં વ્યાપેલી હતાશાનો અભ્યાસ કરવો અને અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં કામ કરતા શિક્ષિકા બહેનોના શૈક્ષણિક અનુભવના સંદર્ભમાં વ્યાપેલી હતાશાનો અભ્યાસ કરવો જેવા હતા. જેનું તારણ વિસ્તાર, જાતિ અને તાલીમના સંદર્ભમાં શિક્ષિકાઓમાં વ્યાપેલી હતાશામાં સાર્થક તફાવત જોવા મળતો નથી.

**પટેલ, ચિરાગ એમ., (૧૯૯૯),** એ ભાવનગર જિલ્લાની માધ્યમિક શિક્ષિકા બહેનોનો કેટલાક ચલોના સંદર્ભમાં હતાશાનો અભ્યાસ કરેલ, જેના હેતુઓ ભાવનગર જિલ્લાની માધ્યમિક શાળાઓમાં કામ કરતી શિક્ષિકા બહેનોમાં વ્યાપેલી હતાશાનો અભ્યાસ કરવો, ભાવનગર જિલ્લાની માધ્યમિક શાળાઓમાં કામ કરતી ગ્રામ વિસ્તાર અને શહેરી વિસ્તારની શિક્ષિકા બહેનોમાં વ્યાપેલી હતાશાનો અભ્યાસ કરવો, ભાવનગર જિલ્લાની માધ્યમિક શાળાઓમાં કામ કરતા તાલીમ લીધેલ અને બિનતાલીમી શિક્ષિકા બહેનોમાં વ્યાપેલી હતાશાનો અભ્યાસ કરવો અને ભાવનગર જિલ્લાની માધ્યમિક શાળાઓમાં કામ કરતા શિક્ષિકા બહેનોના શૈક્ષણિક અનુભવના સંદર્ભમાં વ્યાપેલી હતાશાનો અભ્યાસ કરવો જેવા હતા. જેના તારણો આ અભ્યાસમાં ૩૬.૪ % શિક્ષિકાઓ શહેર વિસ્તારની અને ૬૩.૬ % શિક્ષિકાઓ ગ્રામ વિસ્તારની છે. આ અભ્યાસ ૩૯.૫ % શિક્ષિકાઓ પછાત જાતિની અને ૬૦.૫ % શિક્ષિકાઓ બિનપછાત જાતિની છે. આ અભ્યાસમાં ૮૩ % શિક્ષિકાઓ તાલીમ મેળવેલ અને ૧૭ % શિક્ષિકાઓ બિનતાલીમ પામેલ છે. વિસ્તાર, જાતિ અને તાલીમના સંદર્ભમાં શિક્ષિકાઓમાં વ્યાપેલી હતાશામાં સાર્થક તફાવત જોવા મળતો નથી.

**ત્રિવેદી, અલ્પેશ વી., (૨૦૦૩),** એ વિદ્યાસહાયક શિક્ષકોમાં વ્યાપેલી હતાશાઓ કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ કર્યો હતો. જેના હેતુઓ વિદ્યાસહાયક શિક્ષકોમાં વ્યાપેલી હતાશાની કક્ષાનો અભ્યાસ કરવો, વિદ્યાસહાયક શિક્ષકોમાં વ્યાપેલી હતાશાની કક્ષા પર જાતિ, લાયકાત અને શાળાના પ્રકારની અસર તપાસવી, વિદ્યાસહાયક શિક્ષકોમાં વ્યાપેલી હતાશાની કક્ષા પર નોકરીના વિસ્તારની, જ્ઞાતિની, વૈવાહિક દરજ્જાની, નોકરીના સ્થળના અવાગમનની અસર તપાસવી જેવા હતા. જેના તારણો સ્ત્રી વિદ્યાસહાયક શિક્ષકાઓ અને પુરૂષ વિદ્યાસહાયક શિક્ષકોમાં વ્યાપેલી હતાશામાં સાર્થક તફાવત નથી. એટલે હતાશા સરખા પ્રમાણમાં છે. પી.ટી.સી. થયેલા અને અન્ય જરૂરી લાયકાત ધરાવતા વિદ્યાસહાયક શિક્ષકોમાં વ્યાપેલી હતાશા સરખા પ્રમાણમાં નથી, અન્ય જરૂરી લાયકાત ધરાવતા વિદ્યાસહાયક શિક્ષકો કરતાં પી.ટી.સી. થયેલ વિદ્યાસહાયક શિક્ષકોમાં હતાશાનું પ્રમાણ વધારે છે.

**પંચાલ, જીજ્ઞેશ બી., (૨૦૦૯),** એ સ્વનિર્ભર બી.એડ્. કોલેજમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓની ચિંતાતુરતાનો અભ્યાસ કરેલ. જેના હેતુઓ સ્વનિર્ભર બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓની અભ્યાસક્રમ અને અધ્યાપન કાર્ય અંગેની ચિંતાનો અભ્યાસ કરવો, સ્વનિર્ભર બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓની પ્રાયોગિક પાઠો અંગેની ચિંતાનો અભ્યાસ કરવો, સ્વનિર્ભર બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓની પરીક્ષા વિષયક ચિંતાનો અભ્યાસ કરવો અને સ્વનિર્ભર બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓની અન્ય સમસ્યાઓની ચિંતાનો અભ્યાસ કરવો જેવા હતા. જેના તારણો અભ્યાસક્રમ અને અધ્યાપન કાર્ય અંગેની ચિંતાનો જેમ કે સહઅભ્યાસ પ્રવૃત્તિઓ વધારે હોવાથી અભ્યાસ માટે પૂરતો સમય મળતો નથી, અધ્યાપકો વર્ગમાં ઉદાહરણ આપી સમજાવતા નથી, કથન પદ્ધતિના વધારે પડતા ઉપયોગથી તાલીમાર્થીઓ કંટાળો અનુભવે છે, પ્રાયોગિક પાઠ અંગેની ચિંતાઓ જેમ કે પાઠ તૈયાર કરવાના ભારણથી તાલીમાર્થીને સતત માનસિક ચિંતા સતાવે છે, તાલીમાર્થીઓને પ્રાયોગિક પાઠોની સંખ્યા વધુ પડતી લાગે છે. વાર્ષિક પાઠમાં બહારથી કયા નિરીક્ષકો આવશે તેની ચિંતા સતાવે છે, પરીક્ષા અંગેની જેમ કે મોટાભાગના તાલીમાર્થીઓને પરીક્ષાનો ભય સતત

રહે છે, તાલીમાર્થીઓ પરીક્ષા માટે બરાબર વાંચી શકતા નથી, તાલીમાર્થીઓને પેપર લખવાની સ્ટાઇલ કેવી રાખવી તે ચિંતા છે, તાલીમાર્થીઓને લખાણ કેટલું લાંબુ રાખવું તેની પૂરતી સમજણ નથી અને અન્ય ચિંતાઓ જેમ કે તાલીમના સમય દરમિયાન સામાજિક સંબંધો સચવાતા નથી, કેટલાક તાલીમાર્થીઓને પૈસા માટે સંબંધીઓ પાસે માંગણી કરવી પડે છે, તાલીમાર્થીઓને શિક્ષણના ખર્ચ માટે દેવું કરવું પડે છે અને તાલીમાર્થીઓને સ્વનિર્ભર બી.એડ્. કોલેજની ફી વધારે લાગે છે જેવા જોવા મળ્યા હતા.

**પંચાલ, અર્પિતા બી., (૨૦૧૦),** એ અનુસ્નાતક શિક્ષણના વિદ્યાર્થીઓની ચિંતાતુરતાનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ કરેલ. જેના હેતુઓ અનુસ્નાતક શિક્ષણના વિદ્યાર્થીઓમાં દરજ્જાના સંદર્ભમાં અભ્યાસ, અનુસ્નાતક શિક્ષણના વિદ્યાર્થીઓમાં જાતિના સંદર્ભમાં ચિંતાતુરતાનો અભ્યાસ, અનુસ્નાતક શિક્ષણના વિદ્યાર્થીઓમાં વિસ્તારના સંદર્ભમાં ચિંતાતુરતાનો અભ્યાસ જેવા હતા. જેના તારણો ઊંચી સિદ્ધિ પ્રેરણા ધરાવતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ નીચી છે. નિમ્ન ચિંતા ધરાવતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ ઉચ્ચ ચિંતા ધરાવતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ કરતાં વધુ જોવા મળે છે, પછાત વિદ્યાર્થીઓની બિનપછાત વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સરખી જોવા મળે છે. છોકરા અને છોકરીઓની શૈક્ષણિક સિદ્ધિ સરખી જોવા મળે છે.

૨૧ મી સદીના આધુનિક સમાજમાં જીવનમય ચિંતાઓનું પ્રમાણ સતત વધી ર઼ુ છે. આધુનિક સમાજ જીવનની પરિસ્થિતિ અત્યંત સ્પર્ધાત્મક હોવાથી જ ચિંતાઓનું પ્રમાણ વધી ર઼ુ છે. બા઼ સામાજિક પરિસ્થિતિ તેમજ શિક્ષણ વ્યવસ્થાએ પ્રકારની છે, જેનાથી જીવન વધુને વધુ સ્પર્ધાત્મક બનતું જાય છે. જેથી આજનો યુવાન શિક્ષણ પ્રત્યે ચિંતામય બનતો જાય છે. વિદ્યાર્થીઓમાં આવી ચિંતાનું પ્રમાણ તેમનામાં કેટલું છે તે જાણી ચિંતા ઓછી કરવાના ઘટાડવાના ઉપાયો તેમજ સૂચનો આપી શકાય તે વિચારથી પ્રેરાઈને ધોરણ ૧૨માં સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના પરીક્ષા ચિંતાતુરતા કેટલી છે તે જાણવા અભ્યાસકે અભ્યાસ કરેલ છે.

## સમસ્યા કથન

નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓની પરીક્ષા-ચિંતાતુરતાનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ

## હેતુઓ

૧. નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની પરીક્ષા ચિંતાતુરતાનો અભ્યાસ કરવો.
૨. નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની પરીક્ષા ચિંતાતુરતાનો જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.
૩. નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની પરીક્ષા ચિંતાતુરતાનો વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

## ઉત્કલ્પનાઓ

પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના નીચે મુજબ છે.

$Ho_1$: નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના છોકરા અને છોકરીઓના પરીક્ષા ચિંતાતુરતા કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.

$Ho_2$: નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના શહેર અને ગ્રામ વિસ્તારના વિદ્યાર્થીઓના પરીક્ષા ચિંતાતુરતા કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.

$Ho_3$: નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના શહેર અને ગ્રામ વિસ્તારના છોકરાઓના પરીક્ષા ચિંતાતુરતા કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.

$Ho_4$: નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના શહેર અને ગ્રામ વિસ્તારના છોકરીઓની પરીક્ષા ચિંતાતુરતા કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.

$Ho_5$: નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના ગ્રામ વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની પરીક્ષા ચિંતાતુરતા કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.

$Ho_6$: નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની પરીક્ષા ચિંતાતુરતા કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.

## સંશોધન યોજના

### વ્યાપવિશ્વ અને નમૂનો

આ અભ્યાસ માટે નડિયાદ તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ માં સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતા ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ થાય છે. જેમાંથી બે શહેરી વિસ્તારની શાળામાંથી ૧૦૦ વિદ્યાર્થીઓ અને બે ગ્રામ વિસ્તારની શાળામાંથી ૧૦૦ વિદ્યાર્થીઓ, જેમાં ૧૦૦ છોકરાઓ અને ૧૦૦ છોકરીઓ આમ કુલ ૨૦૦ વિદ્યાર્થીઓનો નમૂના તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો.

## સંશોધન પદ્ધતિ

આ અભ્યાસ માટે સંશોધનનો વિષય અને હેતુઓના આધારે વર્ણનાત્મક સંશોધન પદ્ધતિમાં સમાવિષ્ટ સર્વેક્ષણાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરેલ છે.

## ઉપકરણ

આ અભ્યાસ માટે ડૉ. આર. એસ. પટેલ રચિત પરીક્ષા ચિંતાતુરતા માપદંડ ઉપકરણનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ માપદંડમાં કુલ ૩૫ વિધાનો હતા. આ માપદંડમાં બધા વિધાન હકારાત્મક છે. હકારાત્મક વિધાન માટે ૫,૪,૩,૨,૧ અને નકારાત્મક વિધાન માટે ૧,૨,૩,૪,૫ ગુણ આપવા એ સૂચનાનું પાલન કરે છે.

## માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણ

નમૂનામાં સમાવિષ્ટ કરવામાં આવેલ શાળાના આચાર્યશ્રીનો સંપર્ક કરી, તેમની પાસેથી ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને આ પ્રકારની કસોટી આપવા માટે અનુકૂળતા અને સગવડ કરવા માટેની વિનંતી કર્યા બાદ જે તે શાળામાં જઇ વિદ્યાર્થીઓને સૌપ્રથમ ડૉ. આર. એસ. પટેલ રચિત પરીક્ષા ચિંતાતુરતા માપદંડ વિષે પ્રાથમિક માહિતી આપી. આ માપદંડમાં માહિતી ભરાવતા પહેલાં તે અંગેના સૂચનો અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા. તેમાં ઉત્તરો કઇ રીતે આપવા તેની સમજુતી આપવામાં આવી. વિદ્યાર્થીઓ પાસેથી માપદંડ પરત આવ્યા બાદ તેને યોગ્ય રીતે ગોઠવી તેનું ગુણાંકન કરવામાં આવ્યું. આંકડાશાસ્ત્રીય પદ્ધતિનો ઉપયોગ કરી સરાસરી, પ્રમાણ વિચલન અને ટી- કસોટી મૂલ્ય શોધવામાં આવ્યા.

## પરિણામ

$Ho_1$: નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના છોકરા અને છોકરીઓના પરીક્ષા ચિંતાતુરતા કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.

**સારણી ૧- નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના છોકરા અને છોકરીઓના પરીક્ષા ચિંતાતુરતા પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા**

| જાતિ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | t - મૂલ્ય |
|---|---|---|---|---|
| છોકરાઓ | ૧૦૦ | ૧૧૬.૮૩ | ૧૬.૫૦ | ૦.૨૬ |
| છોકરીઓ | ૧૦૦ | ૧૧૬.૨૯ | ૧૭.૩૦ | |

સારણી-૧માં દર્શાવ્યા પ્રમાણે, નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓમાં છોકરા અને છોકરીઓની પરીક્ષા ચિંતાતુરતાના પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે ૧૧૬.૮૩ અને ૧૧૬.૨૯ અને પ્રમાણ વિચલન ૧૬.૫૦ અને ૧૭.૩૦ છે. જ્યારે બંને સરાસરીના તફાવતોની ચકાસણીમાં t - મૂલ્ય ૦.૨૬ મળે છે. જે ૧.૯૬ કરતાં ઓછું છે. એટલે કે સરાસરીનો તફાવત ૦.૦૫ કક્ષાએ સાર્થક નથી. આથી ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવે છે.

**$Ho_2$: નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના શહેરી અને ગ્રામ વિસ્તારના વિદ્યાર્થીઓના પરીક્ષા ચિંતાતુરતા કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.**

**સારણી ૨- નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના શહેરી અને ગ્રામ વિસ્તારના વિદ્યાર્થીઓના પરીક્ષા ચિંતાતુરતાના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા**

| વિસ્તાર | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | t - મૂલ્ય |
|---|---|---|---|---|
| શહેર | ૧૦૦ | ૧૧૭.૩૬ | ૧૫.૬૧ | ૦.૭૫ |
| ગ્રામ | ૧૦૦ | ૧૧૫.૭૬ | ૧૮.૧૯ | |

સારણી-૨માં દર્શાવ્યા પ્રમાણે, નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના શહેરી અને ગ્રામ વિસ્તારના વિદ્યાર્થીઓના પરીક્ષા ચિંતાતુરતાના પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે ૧૧૭.૩૬ અને ૧૧૫.૭૬ અને પ્રમાણ વિચલન ૧૫.૬૧ અને ૧૮.૧૯ છે. જ્યારે બંને સરાસરીના તફાવતોની ચકાસણીમાં t - મૂલ્ય ૦.૭૫ મળે છે. જે ૧.૯૬ કરતાં ઓછું છે. એટલે કે સરાસરીનો તફાવત ૦.૦૫ કક્ષાએ સાર્થક નથી. આથી ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવે છે.

**$Ho_3$: નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના શહેરી અને ગ્રામ વિસ્તારના છોકરાઓના પરીક્ષા ચિંતાતુરતા કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહી હોય.**

**સારણી ૩- નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના શહેરી અને ગ્રામ વિસ્તારના છોકરાઓના પરીક્ષા ચિંતાતુરતાના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા**

| છોકરાઓ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | t - મૂલ્ય |
|---|---|---|---|---|
| શહેર | ૫૦ | ૧૧૯.૧૨ | ૧૬.૯૧ | ૧.૫૮ |
| ગ્રામ | ૫૦ | ૧૧૪.૧૪ | ૧૬.૦૯ | |

સારણી-૩માં દર્શાવ્યા પ્રમાણે, નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના શહેરી અને ગ્રામ વિસ્તારના છોકરાઓના પરીક્ષા ચિંતાતુરતાના પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે ૧૧૯.૧૨ અને ૧૧૪.૧૪ અને પ્રમાણ વિચલન ૧૬.૯૧ અને ૧૬.૦૯ છે. જ્યારે બંને સરાસરીના તફાવતોની ચકાસણીમાં t - મૂલ્ય ૧.૫૮ મળે છે. જે ૧.૯૬ કરતાં ઓછું છે. એટલે કે સરાસરીનો તફાવત ૦.૦૫ કક્ષાએ સાર્થક નથી. આથી ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવે છે.

**$Ho_4$: નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના શહેરી અને ગ્રામ વિસ્તારના છોકરીઓની પરીક્ષા ચિંતાતુરતા કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય**

**સારણી ૪- નડિયાદ તાલુકાના ધોરણ - ૧૨ના સામાન્ય પ્રવાહના શહેરી અને ગ્રામ વિસ્તારના છોકરીઓની પરીક્ષા ચિંતાતુરતાના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા**

| છોકરાઓ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | t - મૂલ્ય |
|---|---|---|---|---|
| શહેર | ૫૦ | ૧૧૫.૬૦ | ૧૪.૩૧ | ૦.૪૪ |
| ગ્રામ | ૫૦ | ૧૧૬.૯૮ | ૨૦.૩૦ | |

સારણી - ૪ માં દર્શાવ્યા પ્રમાણે, નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના શહેરી અને ગ્રામ વિસ્તારના છોકરીઓની પરીક્ષા ચિંતાતુરતાના પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે ૧૧૫.૬૦ અને ૧૧૬.૯૮ અને પ્રમાણ વિચલન ૧૪.૩૧ અને ૨૦.૩૦ છે. જ્યારે બંને સરાસરીના તફાવતોની ચકાસણીમાં t - મૂલ્ય ૦.૪૪ મળે છે. જે ૧.૯૬ કરતાં ઓછું છે. એટલે કે સરાસરીનો તફાવત ૦.૦૫ કક્ષાએ સાર્થક નથી. આથી ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવે છે.

$Ho_5$: નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના ગ્રામ વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની પરીક્ષા ચિંતાતુરતા કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.

**સારણી ૫- નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના ગ્રામ વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની પરીક્ષા ચિંતાતુરતાના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા**

| ગ્રામ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | t - મૂલ્ય |
|---|---|---|---|---|
| છોકરાઓ | ૫૦ | ૧૧૯.૧૨ | ૧૬.૯૧ | ૧.૨૯ |
| છોકરીઓ | ૫૦ | ૧૧૫.૬૦ | ૧૪.૩૧ | |

સારણી-૫માં દર્શાવ્યા પ્રમાણે, નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના ગ્રામ વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની પરીક્ષા ચિંતાતુરતાના પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે ૧૧૯.૧૨ અને ૧૧૫.૬૦ અને પ્રમાણ વિચલન ૧૬.૯૧ અને ૧૪.૩૧ છે. જ્યારે બંને સરાસરીના તફાવતોની ચકાસણીમાં t - મૂલ્ય ૧.૨૯ મળે છે. જે ૧.૯૬ કરતાં ઓછું છે. એટલે કે સરાસરીનો તફાવત ૦.૦૫ કક્ષાએ સાર્થક નથી. આથી ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવે છે.

**$Ho_6$: નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની પરીક્ષા ચિંતાતુરતા કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.**

**સારણી ૬- નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની પરીક્ષા ચિંતાતુરતાના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા**

| શહેરી | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | t - મૂલ્ય |
|---|---|---|---|---|
| છોકરાઓ | ૫૦ | ૧૧૪.૫૪ | ૧૬.૦૯ | ૦.૭૫ |
| છોકરીઓ | ૫૦ | ૧૧૬.૯૮ | ૨૦.૩૦ | |

સારણી-૬માં દર્શાવ્યા પ્રમાણે, નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની પરીક્ષા ચિંતાતુરતાના પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે ૧૧૪.૫૪ અને ૧૧૬.૯૮ અને પ્રમાણ વિચલન ૧૬.૦૯ અને ૨૦.૩૦ છે. જ્યારે બંને સરાસરીના તફાવતોની ચકાસણીમાં t - મૂલ્ય ૦.૭૫ મળે છે. જે ૧.૯૬ કરતાં ઓછું છે. એટલે કે સરાસરીનો તફાવત ૦.૦૫ કક્ષાએ સાર્થક નથી. આથી ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવે છે.

## તારણો

- નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના છોકરાઓ અને છોકરીઓના પરીક્ષા ચિંતાતુરતા કસોટીના સરાસરી પ્રાપ્તાંકો સમાન જોવા મળે છે.
- નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના ગ્રામ અને શહેરી વિદ્યાર્થીઓના પરીક્ષા ચિંતાતુરતા કસોટીના સરાસરી પ્રાપ્તાંકો સમાન જોવા મળે છે.
- નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓના શહેરી અને ગ્રામ વિસ્તારના છોકરાઓના પરીક્ષા ચિંતાતુરતા કસોટીના સરાસરી પ્રાપ્તાંકો સમાન જોવા મળે છે.
- નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓના શહેરી અને ગ્રામ વિસ્તારની છોકરીઓના પરીક્ષા ચિંતાતુરતા કસોટીના સરાસરી પ્રાપ્તાંકો સમાન જોવા મળે છે.
- નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના ગ્રામ વિસ્તારના છોકરાઓ અને છોકરીઓના પરીક્ષા ચિંતાતુરતા કસોટીના સરાસરી પ્રાપ્તાંકો સમાન જોવા મળે છે.
- નડિયાદ તાલુકાના ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓના પરીક્ષા ચિંતાતુરતા કસોટીના સરાસરી પ્રાપ્તાંકો સમાન જોવા મળે છે.

## સૂચનો

- શિક્ષકોએ વિદ્યાર્થી સાથેના વ્યવહાર દરમિયાન વધુ પરીક્ષા ચિંતાતુરતા ધરાવતા વિદ્યાર્થીઓને ઓળખીને ઓછી કરવા માટે અસરકારક કાર્યો કરવા જોઈએ.
- વધુ પરીક્ષા ચિંતાતુરતા ધરાવતા વર્તનો કે વ્યવહારોનું નિદાન કરી ઉપચારાત્મક કાર્યો હાથ ધરવા જોઈએ.
- વિદ્યાર્થીઓને અન્ય અભ્યાસક્રમ આધારિત બાબતોમાં સામુહિક તેમજ વ્યક્તિગત માર્ગદર્શન આપવાની વ્યવસ્થા કરવી જોઈએ.
- શિક્ષકે વિદ્યાર્થીઓ સાથે સ્નેહ, હૂફ, માનવતા જેવા સંબંધો વિકસાવવા જોઈએ.
- વિદ્યાર્થીઓની દરેક પરીક્ષાલક્ષી મુશ્કેલી જાણી શિક્ષકે ઉપચારાત્મક કાર્ય હાથ ધરવા પ્રયત્નો કરવા જોઈએ.
- વિદ્યાર્થીઓના મનમાંથી પરીક્ષાનો ભય દૂર કરવા યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ.
- વિદ્યાર્થીઓએ મનમાં કોઈપણ ડર રાખ્યા વગર પોતાના શિક્ષક કે માર્ગદર્શક સાથે મુક્ત ચર્ચા કરવી જોઈએ.

- વિદ્યાર્થીઓને જે કંઇ મુશ્કેલી છે તેથી તેણે શિક્ષક સમક્ષ રજૂઆત કરવી જોઇએ.
- પરીક્ષાને લગતી કે અન્ય કોઇ શૈક્ષણિક કે ભૌતિક સમસ્યા હોય તો તેની જાણકારી વિદ્યાર્થીએ શિક્ષક કે શાળાને કરવી જોઇએ.
- વિદ્યાર્થીએ પોતાનો જરૂરિયાત મુજબ યોગ્ય સમયે પોતાના શિક્ષક કે માર્ગદર્શક સાથે સંપર્કમાં રહેવું જોઇએ અને પોતાની મુશ્કેલી હોય તો જણાવવી જોઇએ.

## ઉપસંહાર

આ અભ્યાસમાં વિદ્યાર્થીઓની પરીક્ષા ચિંતાતુરતાનો અભ્યાસ કરવામાં આવ્યો છે અને તેના તારણો અને સૂચનો દ્વારા જરૂરી દિશા આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ અભ્યાસ નડિયાદ તાલુકા પુરતો છે પણ વિદ્યાર્થીઓને પોતાની કારકિર્દી અને વ્યવસાય માટે શિક્ષણ અગત્યનું છે. શિક્ષણમાં દરેક વિદ્યાર્થી પરીક્ષા અને સ્પર્ધામાં ભાગ લે ત્યારે અવશ્ય પરીક્ષા અને સ્પર્ધા શરૂ થતાં પહેલાં અને પરીક્ષા-સ્પર્ધા દરમિયાન ચિંતા ઉદ્‌ભવતી હોય છે. જો શાળા અને શિક્ષકો તરફથી ચિંતા ઓછી કરવા માટે યોગ્ય માર્ગદર્શન મળતું રહેશે તો તેઓ યોગ્ય દિશામાં આગળ વધી શકશે તેમજ શાળાનું ભાવાવરણ એવા પ્રકારનું હોય તો વિદ્યાર્થી પોતાની મુશ્કેલી, ચિંતાની ચર્ચા મુક્તપણે મિત્રો સાથે, શિક્ષકો સાથે કરી તે દુર કરવા માટેના ઉપાયો જાણી ચિંતા હળવી કરવા માટેના પ્રયત્નો કરશે. દરેક જગ્યાએ જરૂર છે ચિંતા દુર કરવાની.

## સંદર્ભ


૧. આંબેડકર, મુકેશ એન., (૧૯૯૫). અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શિક્ષિકા બહેનોનો કેટલાક ચલોના સંદર્ભમાં હતાશાનો અભ્યાસ, શિક્ષણશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

૨. ત્રિવેદી, અલ્પેશ વી., (૨૦૦૩). વિદ્યાસહાયક શિક્ષકોમાં વ્યાપેલી હતાશાઓ કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ, શિક્ષણશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

૩. દેસાઇ, કે. જી. અને એચ. જી. દેસાઇ (૧૯૭૨). શૈક્ષણિક સંશોધનની રૂપરેખા, ગાયત્રી પ્રિન્ટિંગ પ્રેસ, રાજકોટ.

૪. પટેલ, આર. એસ., (૨૦૦૭). શિક્ષણમાં સંશોધન, જય પ્રકાશન, અમદાવાદ.

૫. પટેલ, ચિરાગ. એમ., (૧૯૯૯). ભાવનગર જિલ્લાની માધ્યમિક શિક્ષિકા બહેનોનો કેટલાક ચલોના સંદર્ભમાં હતાશાનો અભ્યાસ, શિક્ષણશાસ્ત્ર વિભાગ, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર.

૬. પંચાલ, અર્પિતા બી., (૨૦૧૦). અનુસ્નાતક શિક્ષણના વિદ્યાર્થીઓની ચિંતાતુરતાનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ, શિક્ષણશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

૭. પંચાલ, જીજ્ઞેશ બી., (૨૦૦૯). સ્વનિર્ભર બી.એડ્. કોલેજમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓની ચિંતાતુરતાનો અભ્યાસ, શિક્ષણશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

8. શાહ, ડી. બી., (૨૦૦૪). શૈક્ષણિક સંશોધન (પ્રથમ આવૃત્તિ) ગુજરાત રાજ્ય યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.